# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

**વિષયઃ– તબીબી વિદ્યાશાખામાં પ્રાયોગિક પરીક્ષાના ખર્ચની રકમ ચુકવવા અંગે.**

**પરીપત્ર ક્રમાંકઃ ૪૦ /૨૦૧૮**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અનુદાનિત અને સ્વવિત્ત ધોરણે ચાલતા સ્નાતક અને અનુસ્નાતક તબીબી વિદ્યાશાખામાં આવતાં તમામ અભ્યાસક્રમો જેવા કે હોમીયોપેથિક, નર્સિંગ, ડેન્ટલ , બી.ડી.એસ., એમ.ડી.એસ. એમ.બી.બી.એસ. તથા એમ.ડી. / એમ.એસ. વિગેરે કોલેજોના આચાર્યશ્રીઓને કુલપતિશ્રીના તા.૧૭/૪/૨૦૧૮ના આદેશાનુસાર જણાવવાનુ કે, તબીબી વિદ્યાશાખાના તમામ અભ્યાસક્રમોની પરીક્ષાના પ્રાયોગિક પરીક્ષાના ખર્ચ પેટે પ્રાયોગિક પરીક્ષા ફીની આવકના ૮૦% પ્રમાણે પ્રાયોગિક પરીક્ષા ખર્ચ પેટે સંલગ્ન કોલેજોને ચુકવવામાં આવશે.

વધુમાં તમામ સરકારી અનુદાનિત અને સ્વવિત્ત ધોરણે ચાલતા સ્નાતક અને અનુસ્નાતક તબીબી કોલેજોના આચાર્યશ્રીઓ તમામ સેમેસ્ટર પ્રમાણે વર્ગોની વિદ્યાર્થી સંખ્યાની યાદી તેમજ પરીક્ષા ફોર્મ સાથે ભરેલ પ્રાયોગિક ફીના ચલનની નકલ પરીક્ષા હિસાબ વિભાગમાં સત્વરે જમા કરાવવાની રહેશે. પરીક્ષા ફોર્મ તેમજ પ્રાયોગિક ફીના ચલણની ઝેરોક્ષ નકલ મોકલવામાં આવશે તેને જ પ્રાયોગિક ખર્ચની ૮૦% રકમ ચુકવવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષાના અસલ બીલો યુનિવર્સિટીમાં રજુ કરવાના રહેશે નહીં, પરતું ચુકવણા કર્યા બાદ માત્ર ખર્ચનું પત્રક સમયસર મોકલવાનું રહેશે.

પરીક્ષાના કેન્દ્ર ને ચૂકવેલ વિદ્યાર્થી દીઠ પ્રાયોગિક પરીક્ષા ખર્ચની રકમમાં તમામ પ્રકારના ખર્ચનો સમાવેશ થઈ જાય છે. આથી આ સિવાય પ્રાયોગિક પરીક્ષા ખર્ચ પેટે કોઈપણ વધારાની રકમ ચુકવવામાં આવશે નહીં.

સદર પરીપત્રનો અમલ માર્ચ– જુન–૨૦૧૮ થી અમલ થશે તેની ખાસ નોંધ લેશો.

( મિતુલ દેલિયા )
કા.પરીક્ષા નિયામક

જાવક નં.પરીક્ષા/હિસાબ/ ૧૨૨ /૨૦૧૮
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ–૩૮૪૨૬૫
તારીખઃ૧૭ / ૪/૨૦૧૮

**નકલ સવિનય જાણ સારૂ રવાનાઃ**

પ્રતિ,
૧. યુનિ.સંલગ્ન તમામ તબીબી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ
૨. કુલસચિવશ્રી / કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
૩. યુનિ .અનુસ્નાતક વિભાગના વડાશ્રી/સંયોજકશ્રી
૪.મુખ્ય હિસાબી અધિકારીશ્રી
૫. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ, હે.ઉ ગુ. યુનિ. સેન્ટર તરફ તેમજ વેબ સાઈટપર મુકવા માટે
૬. હેડકલાર્કશ્રી, રીઝલ્ટ સેન્ટર, હે.ઉ ગુ. યુનિ., પાટણ
૭. મદદનીશ કુલસચિવશ્રી/ કચેરી અધિક્ષકશ્રી –પરીક્ષા
૮. પરીક્ષા હિસાબની ફાઈલે